''બા મને કૂવામાંથી કાઢ'' જેવા વલસાડ મહિલા બેન્કના હાલ

મેનેજરે આપેલી લોને મહિલા બેન્કને ડુબાડી

બેંકના ડિરેક્ટર્સ, સ્ટાફનું સંપૂર્ણ ધ્યાન હવે રિકવરીમાં લાગ્યું, રિકવરી સારી થાય તો બેંકની સ્થિતિ સુધરી શકે

વલસાડ: વલસાડ મહિલા નાગરિક સહકારી બેંકનું એક લોન કૌભાંડ બહાર આવતાં તેમાં પોલીસ ફરિયાદ થઈ હતી. જેમાં વાપીના જયેશ બાબુ સીંગે અને તેની પત્ની તેમજ પુત્રના નામે લીધેલી લોનની રકમના કારણે બેંકની સ્થિતિ ડામાડોળ થઈ હોવાનું બહાર આવ્યું હતું.

તેમાં બેંકે પોલીસ ફરિયાદ પણ કરી હતી, જો કે, બેંકમાં જયેશ બાબુ સીંગ સિવાયના બીજા પણ કહે છે કે લોન કૌભાંડ હોઈ શકે છે. જેના કારણે બેંકની સ્થિતિ વધુ વણસી છે. જેની અનેક વાતો બહાર આવી છે. મેનેજરે જે લોન આપી હતી તેની તળિયાઝાટક તપાસ કરવી જરૂરી છે. જો કે આ સમયે તો બોર્ડ ઓફ ડિરેક્ટરો અને બેંક સ્ટાફ હવે પઠાણી ઉઘરાણીમાં મંડી પડ્યો હોવાનું જોવા મળી રહ્યું છે.

વલસાડ મહિલા બેંકના મેનેજર સોહમ દેસાઈએ લોન કૌભાંડ કરી બેંકની સ્થિતિ ડામાડોળ બનાવી દીધી હતી.

જેના કારણે રિઝર્વ બેંકે હાલ મહિલા બેંક પર 35(એ)ની કલમ લગાવી દીધી છે. આ સમયે બેંકના સ્ટાફે એક માત્ર રિકવરીનું શસ્ત્ર ઉગામ્યું છે. મહત્તમ રિકવરી કરી તેમના દ્વારા બેંકની સ્થિતિ સુધારવાનો પ્રયાસ થઈ રહ્યો છે. જોકે, બેંકની સ્થિતિ સુધારવા બેંકની અન્ય મોટી લોનની રિકવરી થાય એ જરૂરી બન્યું છે. જેના માટે હવે આખો સ્ટાફ તેમજ બોર્ડ ઓફ ડિરેક્ટર પણ મંડી પડ્યા છે.

લોનની રિકવરી માટે સિબિલમાં રિપોર્ટ કર્યા

વલસાડ મહિલા નાગરિક સહકારી બેંકમાં લાખો રૂપિયાની લોન લઇ ફરતા ઘણાં લોકોને સબક શિખવવા હવે બેંક દ્વારા સિબિલમાં તેમનો રિપોર્ટ કરી દીધો છે. જેના કારણે તેમનો નાણાકિય ઇતિહાસ બગડ્યો અને ભવિષ્યમાં બેંકિંગ વ્યવહાર તેમના માટે મુશ્કેલ બન્યો છે. જેના કારણે તેઓ લોન ભરવા આવી રહ્યા છે.

ઇલેક્ટ્રોનિક્સની દુકાનદારનું પણ મોટું લોન કૌભાંડ

વલસાડના એક ઇલેક્ટ્રોનિક્સની દુકાન ધરાવનારે પણ બેંકમાં મોટી લોન લઇ હોવાની વાત પણ ચર્ચામાં છે. તેણે પોતાને ત્યાં વેંચાતા સામાન સામે અપાવેલી લોન ભરપાઇ કરી ન હતી. તેમજ પોતાની લોન પણ ભરી ન હતી. જેની સામે પણ બોર્ડ ઓફ ડિરેક્ટર જાતે આગળ આવ્યા અને તેના ઘરે સરફેસી માટે નોટિસ લગાવી દીધી હોવાનું જાણવા મળ્યું છે. ટૂંક જ સમયમાં બેંક દ્વારા તેનું અને તેના સિવાય અનેક મોટા બાકીદારોનું લિસ્ટ બહાર પડાશે.



લોન રિકવરીની વિગતો

- 67 લોન ધારકો સામે વિવિધ પ્રકારની કાર્યવાહી કરી
- 21 કેસ પઝેશન માટે છે જેમાં રૂ. 21 કરોડની વસૂલાત થઇ શકે
- 6 કેસ બોર્ડ ઓફ નોમિનીમાં છે, જેમાં રૂ. 1.7 કરોડની વસૂલાત થઇ શકશે
- 4 કેસ ચેક બાઉન્સના કર્યા છે

પળગામ કંપનીમાં લૂંટના ગુનાનો સૂત્રધાર મહારાષ્ટ્રથી ઝડપાયો

ઉમરગામ: ઉમરગામના પળગામ ધાડના ગુનાનો સૂત્રધાર વોન્ટેડ અહેમદ હુસૈન મહારાષ્ટ્રના ગોવંડી ખાતેથી ઝડપાઈ ગયો છે. VRD ટ્યૂબસ માણેક ઈન્ડસ્ટ્રીયલ પાર્ક ખાતે 18મી સપ્ટેમ્બરે લૂંટની ઘટનામાં પોલીસે કેટલાક આરોપીઓને પોલીસે પકડી પાડ્યા હતા. જ્યારે આ ગુનાનો સૂત્રધાર આરોપી અહેમદ હુસૈન મહોમદ સતાર વલીમહમદ સાવત (ઉ.વ 49 રહે હાલ ગોવંડી મહારાષ્ટ્ર મૂળ ગામ ખજુરી પોસ્ટ તૈતરી બજાર થાણા ગોબરાવા જિલ્લા સિદ્ધાર્થ નગર ઉત્તર પ્રદેશ)ને ગોવંડી ખાતેથી બાતમીને આધારે પકડી પાડવામાં ઉમરગામ પોલીસની ટીમને સફળતા મળી છે. આરોપી અહેમદ હુસૈન રીઢો ગુનેગાર છે. મહારાષ્ટ્રમાં રાજગઢ, પાડાધા, નારપોલી, ડાયઘર, પેલહાર, બાયકુલા પોલીસ મળી સાતથી પણ વધુ જગ્યાએ તેના વિરુદ્ધ ગુના નોંધાયેલા છે.

સંક્ષિપ્ત સમાચાર

વાપી જ્ઞાનધામ શાળામાં વાર્ષિક રમતોત્સવની ઉજવણી

વાપી: શ્રીમતી સાન્દ્રાબેન શ્રોફ જ્ઞાનધામ શાળા વાપીમાં બે દિવસીય વાર્ષિક રમતોત્સવ SPORTS ODYSSEY 2025 નું આયોજન શાળાના મેદાનમાં કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન સાન્દ્રા શ્રોફના હસ્તે તેમજ મહેમાનો કલ્યાણ બેનર્જી (ટ્રસ્ટી), શિલ્પા સાગર (ટ્રસ્ટી) અને પ્રખર ખેલાડી અમન ચૌધરીની ઉપસ્થિતિમાં કાર્યક્રમનું વિધિવત ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાનના પ્રેરણાદાયી સંબોધન બાદ રમતોત્સવ ખુલ્લો જાહેર કરવામાં આવ્યો હતો. બીજો દિવસ પ્રી-પ્રાઈમરીથી ધોરણ 2 માટેના રમતોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. સમાપન સમારંભના મુખ્ય મહેમાન તરીકે જિલ્લા શિક્ષણ અધિકારી ડો. રાજેશ્રી ટંડેલનું શાળા વ્યવસ્થાપન, ભૂતપૂર્વ પ્રિન્સિપાલ અચલા જોશી અને અન્ય મહેમાનોની ઉપસ્થિતિમાં ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. સમાપન સંબોધનમાં પ્રિન્સિપાલ સંદીપ મરહટ્ટાએ સર્વાંગી વિકાસમાં રમતગમતનું મહત્ત્વ સમજાવ્યું હતું.

વલસાડમાં આર.એમ. એન્ડ વી. એમ. દેસાઈ સાર્વજનિક વિદ્યાધામમાં એન્યુઅલ ડે ઉજવાયો

વલસાડ: વલસાડ સાર્વજનિક કેળવણી મંડળ સંચાલિત આર. એમ. એન્ડ વી. એમ દેસાઈ અને આઈ. કે. એ. દેસાઈ ઇંગ્લિશ મીડિયમ સ્કૂલમાં એન્યુઅલ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુખ્ય મહેમાન તરીકે ડો. અમીબેન પરીખ જેઓ નંદિગ્રામમાં M.D.તરીકે કાર્યરત છે. ડી.બી.વસાવા (DPEO વલસાડ), બી.આર.સી. મિતેશભાઈ, કેળવણી મંડળના પ્રમુખ અને શાળાના ડોનર વિનોદચંદ્ર મગનલાલ દેસાઇ, સેક્રેટરી દોલતભાઈ દેસાઇ, M.D. અલ્પાબેન નાયક, સેકેન્ડરી વિભાગના પ્રિન્સીપાલ બીજલ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. પ્રિન્સિપલ જિજ્ઞા તુષાર ભટ્ટ જેમણે સ્વાગત પ્રવચન આપ્યું હતું. નર્સરીથી ધોરણ 8 ના વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આચાર્યા જિજ્ઞા ભટ્ટ અને જરૂ ચોથીયા તેમજ M.D. અલ્પાબેન નાયક, પ્રમુખ વિનોદચંદ્ર મગનલાલ દેસાઇએ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

દમણ ભાજપાએ પૂર્વ પ્રધાનમંત્રી વાજપેયીજીની જન્મજયંતી ઉજવી

દમણ: સંઘપ્રદેશ દમણ ભાજપા દ્વારા આજે પૂર્વ પ્રધાનમંત્રી અને ભારત રત્ન અટલ બિહારી વાજપેયીની જન્મજયંતિની ઉજવણી પ્રદેશ કાર્યાલયમાં કરાઈ હતી. આ પ્રસંગે પાર્ટીના પદાધિકારીઓ અને કાર્યકરોએ અટલજીના ફોટા પર પુષ્પ અર્પણ કરી તેમને શ્રદ્ધાંજલિ અર્પી હતી. આ પ્રસંગે દમણ જિલ્લા પ્રમુખ ભરત પટેલ, નગરપાલિકાના પ્રમુખ દિપીકાબેન ટંડેલ, જિ. પં. અધ્યક્ષ ઘરમભાઈ પટેલ, પૂર્વ સાંસદ લાલુભાઇ પટેલ, વિશાલ ટંડેલ, અસ્પીભાઈ દમણિયા, પાર્ટીના પદાધિકારીઓ, કાર્યકરો, નગર સેવકો, જિ. પં. ના સદસ્યો અને સરપંચો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતાં.

નેપાળમાં ચીખલીના સોલધરા ગામના કૃણાલ પટેલે 5 કિમી સ્પીડ વોકમાં ગોલ્ડ મેડલ જીત્યો

ધોજ: તાજેતરમાં નેપાળ ખાતે આયોજિત આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પીડ વોક સ્પર્ધામાં ચીખલી તાલુકાના સોલધરા ગામના વતની અને સી.આર.સી. વાંદરવેલા ખાતે ફરજ બજાવતા કૃણાલભાઈ જેરામભાઈ પટેલે સુવર્ણ પદક મેળવી ભારતનું નામ ગૌરવાન્વિત કર્યું છે. કૃણાલ પટેલે 5 કિલોમીટરની સ્પીડ વોક માત્ર 31 મિનિટ 40 સેકન્ડમાં પૂર્ણ કરી હતી. ઉલ્લેખનીય છે કે કૃણાલ પટેલે અગાઉ પણ રાજ્ય, રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે પાવર લિફ્ટિંગ જેવી કઠિન રમતોમાં ભાગ લઈ અનેક ગોલ્ડ મેડલો જીત્યા છે. કૃણાલ પટેલની આ સફળતાથી તેમના પરિવારજનો, મિત્રવર્તુળ, ગામના આગેવાનો તેમજ રમતપ્રેમીઓમાં આનંદ અને ગૌરવની લાગણી ફેલાઈ છે.

વાપીની કેબીએસ કોલેજ દ્વારા "Rivera 2025"નું આયોજન



વાપી : રાણોદ સ્થિત કેબીએસ કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજ, વાપી દ્વારા "Rivera 2025" નામે આંતર-શાળા તથા આંતર-કોલેજ સ્તરીય સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વાપી તથા આસપાસના વિસ્તારોની 22 શાળામાંથી 450 વિદ્યાર્થી અને વિવિધ કોલેજોમાંથી 109 વિદ્યાર્થીએ ભાગ લીધો હતો. વિવિધ સાંસ્કૃતિક અને રમતગમતની સ્પર્ધાઓ સમગ્ર દિવસ દરમિયાન આનંદમય વાતાવરણમાં યોજાઈ હતી. આ સ્પર્ધામાં સેંટ ફ્રાન્સીસ સ્કુલ, વાપી શાળાએ School of the Event જ્યારે રોફેલ કોલેજ વાપીએ College of the Event તરીકેનું સન્માન મેળવ્યું હતું. પ્રિ.ડો.પૂનમ બી.ચૌહાણે દરેક વ્યવસ્થાપકો, સ્પર્ધાના જજ તેમજ સ્ટાફ મિત્રોનો આભાર માની તમામ વિજેતાઓ, ભાગ લેનાર વિદ્યાર્થીઓ તથા ભાગ લેનાર શાળા-કોલેજોને અભિનંદન પાઠવી પ્રશંસા કરી હતી.

ધરમપુરમાં ખાનગી બસ પાનના ગલ્લામાં ઘૂસી જતા અફરાતફરી

આસીફ શેખ

દુકાનદારનો ચમત્કારિક બચાવ, આસપાસ ઊભેલા લોકો પણ સમયસર ખસી જતાં મોટી દુર્ઘટના ટળી

ધરમપુર: ધરમપુર શહેરના બિરસામુંડા નજીક ચાની દુકાનવાળાની બાજુમાં રાત્રીના સમયે પાનના ગલ્લામાં અચાનક એક ખાનગી મિની બસ પૂરઝડપે ઘૂસી ગઈ હતી. જો કે આ અકસ્માતમાં દુકાનદારનો ચમત્કારિક બચાવ થયો હતો. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં અફરાતફરી મચી હતી.

ધરમપુર શહેરના આસુરા ચોકડી પાસે રાત્રિના દસેક વાગ્યાના સુમારે અંશ ટ્રાવેલ્સની ખાનગી મિની બસ અચાનક કે.આર.ડી. ટી સ્ટોલમાં ઘૂસી જતા અફરાતફરી મચી ગઈ હતી.

GJ-05 BY-4047 નંબરની મિની બસના ડ્રાઇવરે સ્ટિયરીંગ પરથી કાબૂ ગુમાવતા આ ઘટના સર્જાઈ હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે. સદભાગ્યે સ્ટોલ પર હાજર ગ્રાહકો સમયસર ખસી ગયા હતા, જેને કારણે મોટી જાનહાનિ ટળી હતી.

ટ્રેનોમાં મોબાઈલ, પાકિટની ચોરી કરનાર બે ઝડપાયા

વાપી: ટ્રેનોમાં મુસાફરોના મોબાઈલ ફોન, પાકિટ વગેરે ચોરીના બનાવો અંગેની અનેક ફરિયાદો વાપી રેલવે પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી. વાપી રેલવે પોલીસ ટીમે પેટ્રોલિંગ દરમિયાન શકમંદ બે ઈસમને અલગ-અલગ રીતે ઝડપી પાડ્યા હતા. પોલીસે તેઓના નામઠામ પૂછતા વિવેક ઉર્ફે પાંડે ઉર્ફે પંડિત અવધેશકાંત દુબે (ઉં.વ.27, હાલ રહે., મુંબઈ, મૂળ યુપી) હોવાનું અન પોતે ફૂટનો વેપાર કરે છે. જ્યારે અલી અનવર શેખ (ઉં.વ.24, હાલ રહે., મુંબઈ) હોવાનું અને મજૂરી કામ કરે છે. પોલીસ પૂછપરછમાં કોઈ સંતોષકારક જવાબ આપ્યો ન હતો અને તે બાદ પોલીસે અંગઝડતી કરતાં 7 મોબાઈલ ફોન અને રોકડા મળી કુલ રૂ.1,23,500 નો મુદ્દામાલ કબજે લીધો હતો. વધુ તપાસ કરતા ચોરીનો મુદ્દામાલ હોય પોલીસે તેઓને જેલ હવાલે કરી દીધા હતાં. વાપી રેલવે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના 6 ગુનાઓ ઉકેલી કાઢવામાં સફળતા મળી હતી.

વિજલપોરમાં સગીરા સાથે દુષ્કર્મ, રત્નકલાકાર ઝબ્બે

મહારાષ્ટ્રીયન નરાધમે ચીકુવાડીના એકાંતવાળા સ્થળે લઈ જઈ બળાત્કાર ગુજાર્યો

સગીરાને વધુ બ્લિડિંગ થતાં હોસ્પિટલમાં દાખલ, પોક્સો હેઠળ કાર્યવાહી

નવસારી: વિજલપોરમાં સગીરા સાથે દુષ્કર્મ થયાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. સગીરાને ગંભીર ઈજા થતાં વધુ પડતું બ્લીડીંગ થયું હતું, જેના કારણે તેને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, નવસારીમાં રહેતો અને રત્નકલાકાર તરીકે કામ કરતો કિરણ રાજુભાઈ બેડસે (રહે. વિજલપોર, નવસારી; મૂળ દોડાઈચા તાલુકો, મહારાષ્ટ્ર) 17 વર્ષીય સગીરાને ગઈકાલે રાત્રે સંભાજીનગર નજીક એકાંતવાળા ચીકુવાડી વિસ્તારમાં લઈ ગયો હતો, જ્યાં તેણે સગીરા સાથે બળજબરીથી શારીરિક સંબંધ બાંધ્યાનો આક્ષેપ છે.

ઘટના બાદ સગીરાના ગુપ્ત ભાગે ગંભીર ઈજા થતાં ભારે બ્લીડીંગ શરૂ થયું હતું.

સ્થિતિ ગંભીર બનતા તેને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં હાલ તેની સારવાર ચાલુ છે. બનાવની જાણ થતાં જ વિજલપોર પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને પ્રાથમિક તપાસ શરૂ કરી હતી.

પોલીસ તપાસ દરમિયાન આરોપી કિરણ બેડસે સામે પોક્સો એક્ટ સહિત દુષ્કર્મ તથા અન્ય કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે આરોપીની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી આગળ ધપાવી છે. આ કેસની વધુ તપાસ વિજલપોર પોલીસ મથકના પીઆઈ એન.એ. રાઠોડ દ્વારા હાથ ધરાઈ રહી છે.

ગિરીશ ભોયે

દીપડાના હુમલામાં મૃત્યુ પામેલા બાળકના પરિવારને સહાય

મહાલ પહોંચી ડાંગ પ્રભારી મંત્રી જયરામભાઈ ગામીત તથા વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલે પરિવારજનોને સાંત્વના પાઠવી

સાપુતારા: ડાંગ જિલ્લાના મહાલ ગામે દીપડાના હુમલામાં એક બાળકના મૃત્યુના કમનસીબ બનાવને પગલે, ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી જયરામભાઈ ગામિત તથા સ્થાનિક ધારાસભ્ય વિજયભાઈ પટેલે અસરગ્રસ્ત પરિવારની મુલાકાત લઈ, હુમલાનો ભોગ બનનારા સાત વર્ષીય રિતિક જીતેશભાઈ ધુલુમના માતા તથા દાદીને રાજ્ય સરકાર વતી રૂ.10 લાખનો ચેક અર્પણ કર્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે બાળકની ખોટ તો ના પૂરી શકાય, પરંતુ અસરગ્રસ્ત પરિવારને આર્થિક સધિયારો પૂરો પાડી તેમની પડખે રહી શકાય તેવા વન વિભાગ, વહીવટી તંત્ર અને રાજ્ય સરકારનો આ પ્રયાસ છે. દીપડાને પાંજરે પુરવા વન વિભાગ પ્રયાસરત છે. જ્યાં સુધી આ દીપડો પાંજરે ના પુરાય ત્યાં સુધી ગ્રામજનોને સાવચેત રહેવા તેમણે અપીલ કરી હતી.

કાલે કપરાડા તાલુકાના 23 ચેકડેમનાં કામોનું ખાતમુહૂર્ત

વલસાડ: કપરાડા તાલુકાના રોહિયાળ તલાટમાં કપરાડા તાલુકાના 3352 લાખના ખર્ચે જળ સંચયના 5 મોટા કામ, જેમાં 23 મોટા ચેકડેમોના કામોનું ખાતમુર્હુત કાર્યક્રમનું આયોજન 27 ડિસેમ્બરે શનિવારે જળ સંપત્તિ અને પાણી પુરવઠા રાજ્ય કક્ષાના મંત્રી ઈશ્વરસિંહ પટેલ, આદિજાતિ વિકાસ ખાદી કુટીર ઉદ્યોગ મંત્રી નરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં સવારે 9 કલાકે કરાયું છે. આ સાથે કપરાડા ધરમપુર તાલુકાના 73 કરોડના ખર્ચે નિર્માણ થનારા 38 ચેકડેમ તેમજ 10 કરોડના ખર્ચે નિર્માણ થનારા 34 વિવિધ જળ સંચય કામોની પણ ઘોષણા કરવામાં આવશે. આ ચેકડેમો, વિયરના નિર્માણથી વરસાદી પાણીના તળ ઉપર આવશે, જેનાથી ખેત ઉત્પાદન વધશે. ખેડૂતોની આવકમાં વધારો થશે, સાથે પીવાના અને પશુપાલન માટે પાણી ઉપલબ્ધ થશે. કાર્યક્રમમાં સાંસદ ધવલ પટેલ, ધારાસભ્ય જીતુ ચૌધરી, અરવિંદ પટેલ સહિત હોદેદારો પદાધિકારીઓ અને વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

દંપતીને અકસ્માત: 2 માસના બાળકનું માતાની નજર સામે જ મોત

નાનાપોંઢા-કપરાડા માર્ગ ઉપર ટેમ્પો અને બાઇક વચ્ચે અકસ્માત

બાઇક સવાર દંપતીને ગંભીર ઇજા, હોસ્પિટલ ખસેડાયું

વલસાડ: નાનાપોંઢા-કપરાડા માર્ગ ઉપર માંડવા કાસ્તુનિયા ફળિયા નજીક ટેમ્પો ચાલકે બાઈકને અડફેટે લેતાં બાઇક સવાર દંપતી અને બાળકને ગંભીર ઈજા પહોંચી હતી, જેમાં 2 માસના માસૂમ બાળકનું મોત થયું હતું.

માંડવાના રમેશભાઈ બચુભાઈ પટારાએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના ભાઈ ભાવેશભાઈ, પત્ની અસ્મિતાબેન અને 2 માસના બાળક ભાવિન સાથે 25 ડિસેમ્બરે સવારે સ્પ્લેન્ડર બાઇક નં.(જી.જે.15. ડી.આર.4515) લઈ ખડકવાળ પોતાની સાસરે જઈ રહ્યા હતા. એ સમયે માંડવા કાસ્તુનિયા ફળિયા કુંભઘાટ ચઢતા સમયે વળાંક પાસેથી કુંભઘાટ નજીકથી પસાર થતાં પાછળથી આવી રહેલા આઇશર ટેમ્પો નં.(એમ.એચ.17. સી.વી.9535)ના ચાલકે બાઈકને ટક્કર મારતાં તમામ માર્ગ ઉપર પટકાયા હતા. આ બનાવમાં માતાના ખોળામાં બેસેલું માસૂમ બાળક પણ રોડ ઉપર પડી જતાં મોત નીપજ્યું હતું.

જ્યારે માતા-પિતાને ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને 108માં પ્રથમ કપરાડા સી.એચ.સી. અને ત્યાર બાદ વલસાડ સિવિલ લઈ જવાયા હતા. આ ઘટના અંગે ટેમ્પો ચાલક સામે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

રિક્ષા પલટાવી મુસાફરનું મોત નીપજાવનારા ચાલક વિરુદ્ધ FIR

નવસારી: નેશનલ હાઈવે નં. 48 પર અમદાવાદથી મુંબઈ તરફ જતા ટ્રેક ઉપર પરથાણ ઓવરબ્રિજ ઉતરતા બજાજ રીક્ષા પલટી ખાઈ જતા એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું. પ્રાપ્ત વિગતો મુજબ, ગત 03/11/2025ના રોજ રીક્ષા નં. GJ-05-AY-6891નો ચાલક કૃષ્ણરામ અલગુરામ યાદવ (ઉ.વ. 52, રહે. પલસાણા, જી. સુરત)એ પોતાની રીક્ષા લઈને પરથાણ ઓવરબ્રિજ ઉતરતી વખતે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા રીક્ષા પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં રીક્ષામાં બેઠેલા વિજય પ્રહલાદ ગાવંડેને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે સંતોષ યશવંત પાટીલ (રહે. વિજલપોર) દ્વારા નવસારી રૂરલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદના આધારે પોલીસે રીક્ષા ચાલક સામે ગુનો દાખલ કર્યો છે.

50 વર્ષ જૂની પાણીની ટાંકી જર્જરિત

આ ટાંકી મારફતે 18 હજારથી વધુ વસતી ધરાવતા ગામને RO પ્લાન્ટ દ્વારા પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે

ટાંકીનો સ્ટ્રક્ચરલ રિપોર્ટ તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ

નવસારી : નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના મહુવર ગામમાં આવેલી આશરે 50 વર્ષ જૂની પાણીની ટાંકીની હાલત જર્જરિત બનતા તેની સલામતી અંગે પ્રશ્નો ઊભા થયા છે. આ ટાંકી મારફતે 18 હજારથી વધુ વસતી ધરાવતા ગામને RO પ્લાન્ટ દ્વારા પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે.

પાણી પુરવઠામાં કોઈ અછત નથી

સરપંચના જણાવ્યા અનુસાર, થોડા વર્ષો અગાઉ પણ આ ટાંકીનું સમારકામ કરવામાં આવ્યું હતું, પરંતુ સમય જતાં તે ફરી જર્જરિત સ્થિતિમાં પહોંચી ગઈ છે. મહુવર ગ્રામ પંચાયત વિસ્તારમાં પાંચ મોટી પાણીની ટાંકીઓ તથા 150થી વધુ બોરવેલ કાર્યરત હોવાથી હાલ પાણી પુરવઠામાં કોઈ અછત નથી. તંત્ર દ્વારા જિલ્લાનાં પાણી પુરવઠા વિભાગને આવી જૂની ટાંકીઓની ક્ષમતા અને સલામતી ચકાસવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. સ્ટ્રક્ચરલ રિપોર્ટના આધારે આગળની કાર્યવાહી નક્કી કરવામાં આવશે.

તાજેતરમાં ટાંકીના સ્ટ્રક્ચરમાંથી પોપડા ખરી પડવાની ઘટનાઓ સામે આવતાં ગ્રામ પંચાયત દ્વારા તંત્રને જાણ કરવામાં આવી હતી. આ અંગે સરપંચ યોગીતા પટેલ તથા તલાટી કમ મંત્રી ડેનીશભાઇ દ્વારા તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરાઈ હતી. રજૂઆતના આધારે તાલુકા વિકાસ અધિકારીએ સરકારી માન્ય એજન્સી મારફતે ટાંકીનો સ્ટ્રક્ચરલ રિપોર્ટ તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. રિપોર્ટ મળ્યા બાદ ટાંકીનું સમારકામ કરવું કે તેને ઉતારી પાડવી તે અંગે નિર્ણય લેવામાં આવશે.

ધરમપુરના અભિનાથ મહાદેવ મંદિરે આદિવાસીઓએ પૂજા કરી

પીપરોળ ગામે ટોગા ડુંગર ઉપર વરસાદી દેવ તરીકે પૂજાતા દેવના સાંનિધ્યમાં ભવ્ય કાર્યક્રમ યોજાયો

આસીફ શેખ

ધરમપુર: આદિવાસી સંસ્કૃતિ બચાવ સેના દ્વારા ધરમપુર તાલુકાના પીપરોળ ગામે ટોગા ડુંગર ઉપર વરસાદી દેવ તરીકે પૂજાતા અભિનાથ મહાદેવના પ્રાચીન અને પવિત્ર મંદિરે પરંપરાગત આદિવાસી રીતિ-રિવાજ મુજબ ભવ્ય ધાર્મિક કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. અભિનાથ મહાદેવના વિધિવત પૂજન કરી ધજા ચઢાવી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.

આ પ્રસંગે ગુજરાત રાજ્ય દેવ બિરસા સેનાના અધ્યક્ષ અરવિંદભાઈ વસાવાએ ઉપસ્થિત ભક્તોને માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, આદિવાસી સમાજની સંસ્કૃતિ, પરંપરા અને દેવ-દેવીઓની ઉપાસના અનાદિકાળથી ચાલતી આવી છે.

કાર્યક્રમ દરમિયાન ધરમપુર-કપરાડા વિસ્તારના ભગત તથા ભગતાણીઓ દ્વારા સમાજને લગતા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર સંવાદ કરવામાં આવ્યો હતો. વિલ્સન હિલથી માત્ર 7 કિલોમીટરના અંતરે આ પૌરાણિક અભિનાથ મહાદેવ મંદિર કુદરતી સૌંદર્યથી ભરપૂર છે. આદિવાસી સમાજના લોકો રાજા-રજવાડાના સમયથી અહીં વરસાદી દેવની પૂજા કરતા આવ્યા છે અને આ સ્થાન આજે પણ તેમની અડગ આસ્થાનું પ્રતીક છે.

ખરીદ કરવા અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને જણાવવાનું કે, જી. નવસારી, તા. નવસારી શહેરના મોજે **જમાલપોર** ગામના ખાતા નં. ૯૩૮, બ્લોક/સર્વે નં. ૭૬ પૈકી પ્લોટ નં. ૮, ક્ષેત્રફળ ૦-૭૬-૯૧ હે.આરે.ચો.મી., આકાર રૂા. ૩૦.૦૨ પૈસા વાળી ખેતીની જમીન અનિલકુમાર રમણલાલ રાંદેરવાલા, મહેશ રમણલાલ રાંદેરવાલા, યોગેશકુમાર દલસુખભાઈ રાંદેરવાલા, હેમંતકુમાર દલસુખભાઈ રાંદેરવાલા નાઓના સંયુક્ત નામે ચાલી આવેલ છે. સદરહું જમીન તેઓની માલિકી ચાલી આવેલ હોવાનું જણાવી તેઓએ સદરહું જમીન હમારા અસીલ રવિકુમાર જીતેન્દ્રકુમાર તેજુરા ખરીદ કરવાનું નક્કી કરેલ છે. જેથી સદરહું જમીનમાં કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો, હિત, સંબંધ કે વેચાણ રાખવાના હકક યા ઈઝમેન્ટરી હકકો કે કોઈપણ બેંક, સહકારી મંડળી કે ફાયનાન્સીયલ ઈન્સ્ટીટ્યુટનો બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૧૦ (દસ) માં હમોને કાયદામાં ગ્રાહ્ય પુરાવા સહિત લેખિતમાં રૂબરૂ મળવું. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદરહું જમીનમાં કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક, હિસ્સો, હિત, સંબંધ કે વેચાણ રાખવાના હકક કે અધિકાર નથી કે કોઈના ભરણ-પોષણ કે આજીવન રહેવાનો કે ઈઝમેન્ટરનો હકક કે ગણોત હકક કે કોઈપણ બેંક, સહકારી મંડળી કે ફાયનાન્સીયલ ઈન્સ્ટીટ્યુટનો બોજો નથી અને હોય તો તે જતો કર્યો છે, યાને છોડી દીધો છે, તેમ માની લેવામાં આવશે અને હમારા અસીલ સદરહું સ્થાવર મિલકત અંગેના વેચાણ વ્યવહારો સંપુર્ણ રીતે પાકા લખાણો લખાવી લેશે. જે અંગે ભવિષ્યમાં કોઈની કોઈપણ પ્રકારની તકરાર કે દાવો ચાલશે નહીં. જેની લાગતા-વળગતાએ નોંધ લેવી.

મારી સૂચના મુજબ
તા. ૨૫-૧૨-૨૦૨૫

મારી મારફત, **પિયુષ પી. રાઠોડ**
(તે ખરીદ કરનારના એડવોકેટ)

રહે. આમડપોર, તા. જી. નવસારી-૩૯૬૪૪૫. મો. ૮૮૬૬૫૪૧૪૬૩